અનાગત અને રોસ્ટર પ્રથા-
જગ્યા આધારિત-નમુનારૂપ રોસ્ટર
ક્રમાંકોમાં ફેરફાર બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-પવસ-૧૬૯૬-૮૭૮-ભાગ-૨/ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૩/૦૮/૨૦૧૧.

વંચાણમાં લીધાઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ-૮/૩/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંકઃ-
પવસ/૧૬૯૬/૮૭૮/ગ.૪,

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ-૫/૯/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ-
પવસ/૧૬૯૬/૮૭૮-ભાગ-૨/ગ.૪

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તારીખઃ-૧૯/૨/૨૦૦૦ નું જાહેરનામું ક્રમાંકઃ-
જીએસ/૧૯૦૦/૪/સીઆરઆર/૧૦૯૪/૧ ક્ર૫૪/ગ.૨,

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તારીખઃ-૪/૫/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ-
સીઆરઆર/૧૦૨૦૦૨/જીઓઆઈ-૭/ગ.૨,

ઠ રા વઃ-

સરકારના સામાન્ય વહીવટ વિભાગનાં વંચાણમાં લીધેલ ક્રમાંકઃ(૧) સામેના ઠરાવ અન્વયે "ખાલી જગ્યા આધારિત(Vacancy based)"રોસ્ટરોના સ્થાને "જગ્યા આધારિત(post based) " રોસ્ટરો અમલમાં મુકવામાં આવેલ છે. જયારે વંચાણમાં લીધેલ ક્રમાંકઃ(૨) સામેના તા.૫/૯/૨૦૦૦ ના ઠરાવથી તેના પરિશિષ્ટ-૨ થી ૬ મુજબના નમુનારૂપ સુધારેલ રોસ્ટર ક્રમાંકો નિયત કરવામાં આવેલ છે, જે હાલ અમલમાં છે.

૨. ઉપર્યુકત વંચાણ ક્રમાંક(૪) હેઠળના તા.૪/૫/૨૦૦૨ ના ઠરાવથી ભારત સરકારના વિકલાંગ(સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પુર્ણ ભાગીદારી)ધારો, ૧૯૯૫ અને તદઅન્વયે સંદર્ભ(૩) હેઠળના તા.૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી વિકલાંગો માટે ૩ ટકા જગ્યાઓ અનામત રાખવાની કરવામાં આવેલ જોગવાઈ અનુસાર જો વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટેગરી(જેવી કે, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ/સામાન્ય કેટેગરી)એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં મુકવો તેવું ઠરાવવામાં આવેલ છે. આથી વિકલાંગ ઉમેદવાર માટે અલગ રોસ્ટર પોઈન્ટ ગણવાનો રહેતો નથી. પરંતુ વિકલાંગ માટેની અનામત એ Interlocutary ગણવાની રહે છે, જે ધ્યાને લેતાં વંચાણ હેઠળના ક્રમાંક(૨) સામેના તા.૫/૯/૨૦૦૦ ના ઠરાવ સાથેના સીધી ભરતીથી ભરવાની વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ માટેના નમુનારૂપ રોસ્ટર અંગેના પરિશિષ્ટ-૩ માં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

P.T.O.

૩. સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે વંચાણ હેઠળના ક્રમાંક(૨) સામેના તા.૫/૯/૨૦૦૦ ના ઠરાવ સાથેનું પરિશિષ્ટ—૩ આથી રદ કરવામાં આવે છે, અને રાજય અને જિલ્લા કક્ષાએ વર્ગ—૧ અને વર્ગ—૨ ની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ માટેનું હાલનું પરિશિષ્ટ—૨ રાજય કક્ષાએ સીધી ભરતીથી વર્ગ—૩ અને વર્ગ—૪ ની જગ્યાઓ ભરવા માટે પણ લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.સદાદીયા )
નાયબ સચિવ(ક.ગ.૧),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓના વડાને યોગ્ય સૂચનાઓ આપવાની વિનંતી સાથે.
સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રીઓ / શાખાઓ.
<u>પસંદગી ફાઈલ</u>
× પત્ર ધ્વારા.